## પત્રક ભાગ–૩

## પંદરમી ગુજરાત વિધાનસભા

# શનિવાર, તા.૧૮મી જુલાઈ, ૨૦૨૬

### ૪૦૩.અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિની બેઠક.

અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિની બેઠક બુધવાર, તા.૦૧/૦૭/૨૦૨૬ના રોજ મળી હતી.

સમિતિની ઉક્ત બેઠકમાં પંદરમી ગુજરાત વિધાનસભાની અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના પાણી પુરવઠા પ્રભાગ સંબંધિત પાંચમા અહેવાલમાં સમિતિએ કરેલ ભલામણો પર સરકારે લીધેલ પગલાંના પત્રકો સંબંધે પાણી પુરવઠા પ્રભાગ તરફથી તા.૨૨/૦૫/૨૦૨૬ના રોજ મળેલ સાહિત્યની તપાસ હાથ ધરી હતી. જેમાં સમિતિએ પાણી પુરવઠા પ્રભાગ હસ્તકની વિવિધ યોજનાઓ હેઠળ કરવાની થતી કામગીરી સંબંધે વિસ્તૃત તપાસ હાથ ધરેલ અને જ્યાં જરૂરી હોય તેવી યોજનાઓનું રી–સર્વે કરવા અને તાલુકા સાથે સંકલન કરીને યોજનાઓનું અમલીકરણ કરવા નિર્દેશ કર્યો હતો. સમિતિએ લાંબી પાઈપલાઈનની જગ્યાએ પોકેટ બનાવીને નાની ટાંકીથી ૧૦–૧૫ ઘર વચ્ચે નાની યોજના દ્વારા પાણી સપ્લાય કરવા અનુરોધ કરેલ. સમિતિએ આદિવાસી વિસ્તારોમાં ૨૦ ઘરને બદલે ૧૦ ઘર દીઠ હેન્ડપંપ આપવા તેમજ ૨૦૦ ગામદીઠ એક સબ ડીવીઝન બનાવવા વિનંતી કરી હતી. સમિતિએ બગડેલા કે બંધ હાલતમાં રહેલ બોર કન્ડમ કરીને રી–સર્વે કરી જરૂર હોય ત્યાં નવા બોર બનાવવા પ્રભાગને જણાવ્યું હતું. સમિતિએ સભ્યશ્રી દ્વારા માંગવામાં આવેલ માહિતી અંગેનું જરૂરી સાહિત્ય તાત્કાલિક પૂરુ પાડવા જણાવેલ અને તપાસ અધૂરી રાખી હતી.

સમિતિનું કામકાજ બપોરના ૦૩:૪૨ કલાકે પુરૂ થયું હતું.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર**

**ચેતન પંડ્યા**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા**